**Name Of work :- Emergency / Essential / Restoration work Schedules under District R&B Division, Rajkot (For Asphalt Patch work)**

## –:: શરતો ::–

૧ સદરહુ ભાવો પોતાના પેવર ધરાવતી એજન્સીને ભરવાના થતા હોય આવશ્યક અને અતિવૃષ્ટીના સંજોગોમાં પણ જરૂરીયાત અનુસાર મૌખિક સુચના મળ્યે ૨૪ કલાકની અંદર પ્લાન્ટ શરૂ કરવાનું રહેશે.

૨ રોડ વર્ક મશીનરી ધરાવતા હોવા જોઈએ. તથા વેલીડ ડ્રમમીક્ષ પ્લાન્ટ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૩ વેલીડ રજીસ્ટ્રેશન ઈ–૧ વર્ગ અને ઉપર તથા સ્પે. કેટેગરી –૩ (રસ્તા અને ઉપર) નું રજુ કરવાનું રહેશે.

૪ સદરહું ભાવો એક વર્ષ સુધી અમલમાં રહેશે અને ભાવો મંજુર થયેથી મંજુર થયેલ ભાવો મુજબ ખાતાની જરૂરીયાત મુજબ જે તે કામનાં મંજુર થયેલ અંદાજપત્રક સામે ખાતા સાથે જરૂરી કરારખત કરી કામ કરવાનું રહેશે.આવશ્યકતા અનુસાર ભાવો લંબાવી શકવાનો અધિકાર ભાવો મંજુર કરનાર ઓથોરીટીને અબાધીત રહેશે.

૫ સદહું ભાવો વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટનાં ધોરણે હોય વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબ છુટક છુટક કામ કરવાનું થશે.

૬ ભાવ મંજુર થયેથી જે તે આસામીએ જરૂરી ડીપોઝીટની રૂા.૨,૦૦,૦૦૦/– (રૂપીયા બે લાખ પુરા) ની રકમ એફ.ડી.આર. (૧૪ માસની મુદત) ના સ્વરૂપમાં કાર્યપાલક ઈજનેરશ્રી જિલ્લા માર્ગ અને મકાન વિભાગ, રાજકોટના નામની ભરપાઈ કરવાની રહેશે.

૭ નિયત ભાવપત્રકો સિવાયનાં ભાવો ગણતરીમાં આવશે નહીં.

૮ ગમેતે કારણોસર નિયત સમય બાદ કે, બાનાની રકમ સિવાયનાં અને શરતી ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૯ આવેલ ભાવ પત્રકો પૈકી બધાજ કે, અમુક ભાવ પત્રક મંજુર કે નામંજુર કરવાનો અધિકાર કાર્યપાલક ઈજનેરશ્રીને અબાધિત રહેશે.

૧૦ જે ભાવ પત્રકોનાં ઉંચા જણાશે તે માટે વાટઘાટ દ્વારા ભાવો ઘટાડવાનાં પ્રયત્ન કરવામાં આવશે.

૧૧ કામની અગત્યતાને લક્ષમાં લઈ જરૂર પડયે મંજુર થયેલ ભાવે આ ભાવો ભરનાર એજન્સીઓ પૈકી ગમે તેની પાસે કામ કરાવી શકાશે, જેનાં માટે ભાવો મંજુર થયા હોય તેનો કોઈ હક્ક–દાવો રહેશે નહીં.

૧૨ ભાવો જી.એસ.ટી. વગરના ભરવાના રહેશે.

૧૩ આવેલ ઓનલાઈન ભાવ પત્રક શકય હશે તો ભાવો અપલોડ કરવાની છેલ્લી તારીખનાં બીજા કામકાજનાં દિવસે બપોરનાં ૧૨–૦૦ કલાકે ઉપસ્થિત ઠેકેદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

૧૪ અરજન્સીનાં કિસ્સાઓમાં મૌખિક કે લેખિત સુચના મળ્યેથી ૨૪ કલાકમાં કામ શરૂ કરવાનું રહેશે.

૧૫ નિયમોનુસાર જી.એસ.ટી. અલગથી બિલમાં ઉમેરીને ચુકવવાપાત્ર રહેશે.

**કાર્યપાલક ઇજનેર**
**જીલ્લા માર્ગ અને મકાન વિભાગ**
**રાજકોટ**